PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/કવા–૦૩/૧૬–૧૭/ 1124 તા. 07/02/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગોવાભાઈ ભીમાભાઈ કંડોરીયા,
ગામ: પટેલકા,
તા.કલ્યાણપુર
જી: દ્વારકા
મો: ૯૪૨૯૨ ૬૯૫૦૭

**વિષય :–પડોશી ના જોડાણ માટે – ખેતીવાડી ની જમીન પરથી પસાર થઈ શકે તેવા વીજતાર સામે વાંધા અરજી બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૮/કવા–૦૩/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ભાટીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 01 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૮/ક્વા–૦૩/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૦૩–૦૨–૧૭ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: ગોવાભાઈ ભીમાભાઈ કંડોરીયા,ગામ: પટેલકા,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ભાટીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :જે.એમ.સીન્ધી, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : પડોશી ના જોડાણ માટે – ખેતીવાડી ની જમીન પરથી પસાર થઈ શકે તેવા વીજતાર સામે વાંધા અરજી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામઃ ખાખરડા ના ખેતીવાડી ના સર્વે નંબર : ૬૫૯ પૈકી ૧ ( નવો સર્વે નંબર : ૨૧૫ ) વાળી જમીન પર – પીજીવીસીએલ તરફથી, અગાઉ ની દુરના અંતરે આવેલ વીજલાઈન, જે શીફટીંગ કરી અને – ઉભી કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. આ વીજલાઈન થી તેઓ શ્રી ના ખેતર ના ઉભા પાક ને તેમજ જાનમાલ ને, સતત અકસ્માત ના સંભાવના હેઠળ, જોખમ કારક છે. જેથી, સદર વીજલાઈન તેમની જમીન પરથી પસાર કરવા તેઓ શ્રી ને વાંધો છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની માલીકી ની જમીન પર હાલ ના તબ્બકે, જે તેમના પડોશી એવા શ્રી લગધીરભાઈ ભીમાભાઈ કંડોરીયા ને જોડાણ આપવા માટે જે ૧૧ કેવી પાનોર એજી ફીડર ની, હૈયાત એવી એલટી વીજલાઈન ઉભેલ છે. તે ખેતીવાડી વીજગ્રુપ ને એચવીડીએસ હેઠળ આવરી લેવાયેલ છે. અને હાલ ના તબ્બકે, એચવીડીએસ હેઠળ કર્ન્વઝન ની કામગીરી હાથ ધરાયેલ છે. આ કર્ન્વઝન કામગીરી દરમ્યાન, ફરીયાદી અરજદાર શ્રી લગધીરભાઈ ભીમાભાઈ કંડોરીયા ના હૈયાત જોડાણ ને, નવી કર્ન્વઝન થયેલ ૧૧ કેવી એચવીડીએસ વીજલાઈન ના ૨વુભા વાળા ટ્રાન્સફોર્મર મા જોડી આપવામા આવશે. આમ, કરવાથી નવી ઉભી થનાર ૧૧ કેવી વીજલાઈન, જે ફરીયાદી અરજદાર શ્રી તેમજ અન્ય કોઈને પણ નડતરરૂપ થશે નહી. આ બાબત અરજદાર શ્રી ને સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રાખી અને સમજણ આપવામા આવેલ હતી. જે, અરજદાર શ્રી એ સ્વીકારેલ છે. આમ, સદર વીજગ્રુપ ના એચવીડીએસ હેઠળ ની કામગીરી પૂર્ણ થતા, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ માંગણી મુજબ, તેઓ શ્રી ની જમીન પર પસાર થતી હાલ ના તબ્બકા ની એલટી વીજલાઈન, જે અરજદાર શ્રી ને નડતરરૂપ હોય, ખસેડવા બાબત ની રજુઆત મુખ્યંત્વે છે. જેના, અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતેની, હૈયાત એલટી વીજલાઈન ને, એચવીડીએસ મા કન્વૅઝન ની કામગીરી હાથ ધરાયેલ છે. આ કામગીરી સંપન્ન થતા, અરજદાર શ્રી ના સદર જોડાણ ને કન્વૅઝન થયેલ એચટી વીજલાઈન ના સ્વુભાના ટ્રાન્સફોર્મર માથી જોડી આપવામા આવશે. આમ, નવી ઉભી થનાર એચટી વીજલાઈન, જે ભવિષ્ય મા અરજદાર શ્રી તેમજ કોઈને નડતરરૂપ રહેશે નહી. પીજીવીસીએલ પક્ષકાર ની આ મુજબ ની, અરજદાર શ્રી ને સ્થળ પર ઉપસ્થિત રાખી અને કરવામા આવેલ જાણકારી, જે અરજદાર શ્રી એ સંતોષ હેઠળ માન્ય રાખેલ છે. આમ, સદર વીજલાઈન નુ એચટી વીજલાઈન મા કન્વૅઝન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થશે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ને સંતોષજનક રહે તે મુજબ, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર સાથે, ભવિષ્ય મા – દિન–૪૫ મા નિરાકરણ કરવા બાબતે નો, પીજીવીસીએલ ને આદેશ આપવાનો હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..